R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 22•ISSUE: 03 DATE: 20-01-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭



દેશ પ્રત્યેનું ઋણ અદા કરવા માટે સુપ્રીમ કોર્ટના ચાર સિનિયર જજોએ દેશના ઈતિહાસમાં પ્રથમવાર પ્રેસ કોન્ફરન્સ કરીને સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસને કેટલાક મહત્વના મુદ્દે પગલાં લેવા માટે પ્રયાસ કર્યો.પ્રેસ કોન્ફરન્સમાં જસ્ટીસ ચેલેમેશ્વરે કહ્યુ હતું કે અમને મીડીયા સામે આવવાની ફરજ પડી છે. કોઈ અમને એમ ન કહે કે અમે અમારા આત્માને વેચી દીધો છે.તેથી મજબુર થઈને અમે પ્રેસ મીટ યોજી છે.સુપ્રીમ કોર્ટને બચાવવા દેશવાસીઓને જાહેરમાં અપીલ કરી હતી.ચાર જજીસ વતી ચેલેમેશ્વરે કહ્યુ હતું કે સુપ્રીમ કોર્ટને બચાવો, નહીં તો લોકતંત્ર ખતમ થઈ જશે.સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસની કામગીરી સામે અને કેસની ફાળવણીમાં આચરવામાં આવતાં પક્ષપાત સામે આ ચારેય જજોએ ખુલ્લો બળવો પોકાર્યો હતો.જો ન્યાયતંત્ર જ પક્ષપાત રાખશે તો લોકશાહી સામે ખતરો સર્જાશે.તેમણે કહ્યુ હતું કે હવે ચીફ જસ્ટીસ સામે મહાભિયોગની કાર્યવાહી કરવા કે કેમ તે દેશને નક્કી કરવા દો.

## હજયાત્રા માટે અપતી સબસીડીનો આ વર્ષથી અંત : લઘુમતી તુષ્ટિકરણ નાબુદ કરવાની દિશામાં મોટું પગલું

લઘુમતિ તુષ્ટિકરણ નાબુદ કરવાની દિશામાં એક મોટું પગલું ભરતાં કેન્દ્રની મોદી સરકારે હજયાત્રા માટે અપાતી સબસીડી પાછી ખેચી લેવાની જાહેરાત કરી હતી.આ મહત્વની જાહેરાત કરતાં લઘુમતી બાબતોના કેન્દ્રીય મંત્રી મુખ્તાર અબ્બાસ નકવીએ જણાવ્યુ હતું કે હજ સબસીડીમાં અપાતી રકમ હવે લઘુમતી સમુદાયની કન્યાઓ અને મહિલાઓના શિક્ષણ અને સશક્તિકરણ માટે વપરાશે.સબસીડી પાછી ખેચાઈ લેવાઈ હોવા છતાં આ વર્ષે વિક્રમજનક સંખ્યામાં ૧.૭૫લાખ મુસ્લીમ હજયાત્રા કરશે.

તેમણે જણાવ્યુ હતું કે સરકારનું આ પગલું ગૌરવ સાથે મુસ્લીમ સશક્તિકરણમાં મદદરુપ થશે.અમે તુષ્ટિકરણ વિનાના સશક્તિકરણમાં વિશ્વાસ રાખીએ છીએ. હજ સબસીડીથી મુસ્લીમોને કોઈ લાભ થતો નથી.અમે ગૌરવ સાથેના વિકાસમાં વિશ્વાસ ધરાવીએ છીએ.હવે હજ સબસીડીની રકમનો ઉપયોગ મુસ્લીમ કન્યાઓની કેળવણીમાં વપરાશે.

નકવીએ કહ્યુ હતું કે સાઉદી સરકાર દરિયાઈ જહાજ દ્વારા હજ માટે આવતા લોકોને પરવાનગી આપવા માટે સંમત થઈ છે.દરિયાઈ પ્રવાસ હવાઈ પ્રવાસ કરતાં ઘણો સસ્તો પડશે.

## વિશ્વ હિંદુ પરિષદના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ ડો પ્રવીણ તોગડીયા ગુમ થયા અને અર્ધબેભાન અવસ્થામાં મળી આવ્યા

વિશ્વ હિદું પરિષદના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ ડો. પ્રવીણ તોગડીયા ગાયબ થવાના સમાચારે ગુજરાતમાં હડકંપ મચ્યો હતો.તેમના કાર્યક્રરોએ ચારે બાજુ હલ્લાબોલ કાર્યક્રમો આપ્યા હતા.સરકાર તરફથી જેમને ઝેડ પ્લસ સુરક્ષા અપાયેલી હોય તેવી વ્યક્તિ એકાએક ગુમ થઈ જાય તે સમાચારે નવાઈ લાગી હતી. પરંતુ આ હાઈવોલ્ટેજ ડ્રામાનો પોલીસે અંત આણ્યો હતો. જોકે રાજસ્થાન પોલીસ તોગડીયાની ધરપકડ કરવા માટે આવી હતી.રાજસ્થાન પોલીસે તેમની ચારેબાજુ તપાસ કરી હતી પરંતુ તેઓને શોધી શકી નહોતી.પરંતુ તેઓ એકાએક ગુમ થવાના સમાચારે અનેક કુતહલને અંજામ આપ્યો હતો.ડો. તોગડીયા આખરે ચંદ્રમણી હોસ્પીટલમાં સુગર લેવલ લો થવાથી અર્ધબહોશ હાલતમાં હતા તેવા સમાચારો ઉપલબ્ધ થતાં તેમના ચાહકોમાં શાંતિ સ્થપાઈ હતી.

જો કે ત્યારબાદનો ઘટનાક્રમ વિચિત્ર રહ્યો હતો.તેમણે પત્રકાર પરિષદને સંબોધતાં આંસુ વહાવ્યા હતા.અને એક બહાદુર હિન્દુ નેતાની છબીને ડાઘ લગાડ્યો હતો.પત્રકાર પરિષદમાં તેમણે તેમનું એન્કાઉન્ટ થવાની બીક બતાવીને રડવાના રોદણા રોયા હતા. તેમની આ સ્થિતિ તેમના વિહિપ અને બજરંગ દળના કાર્યકરો માટે ખુબજ વસમી બની ગઈ હતી.આજની પરિસ્થિતિમાં તોગડીયા ખુબજ ગભરાયેલા લાગતા હતા.જેઓ પોતાની સ્થિતિ કમજોર બતાવી રહ્યા હતા તે દેશના હિદુઓની મદદ કેવી રીતે કરી શકે તેવો સવાલ હવે પ્રત્યેક હિદુના મનમાં સતાવી રહ્યો છે.

## આધાર નંબર માટે ફેસીયલ ઓથેન્ટીકેશનની સુવિધા ૧લી જુલાઇથી મળવાની જાહેરાત કરાઇ

યુનિક આઈડેન્ટીફિકેશન ઓથોરીટી ઓફ ઈન્ડીયાએ આધારા યુઝર્સ માટે ફેસિયલ એકોગ્નિશન આધારિત ઓથેન્ટીકેશનની વધારાની સુવિધાની જાહેરાત કરી છે.ફિંગર પ્રિન્ટ અથવા આઈરીસ સ્કેનીગ જેવા બાયોમેટ્રીક વેરીફિકેશનના અન્ય સ્વરુપોમાં સમસ્યા અનુભવતાં લોકો માટે આ વિશેષ સુવીધાની જાહેરાત કરાઈ છે. યુઆઈડીએઆઈ ૧લી જુલાઈ ૨૦૧૮ના રોજથી આ સુવિધાનો પ્રારંભ થશે.યુઆઈડીએઆઈના સીઈઓ અજયભુષણ પાંડેએ એક ટ્વિટમાં જણાવ્યુ હતું કે અમે ઓથેન્ટીકેશન માટે વધુ એક સીમાસ્તંભ સ્વરુપ ટેકનોલોજી દાખલ કરવા જઈ રહ્યા છે. જેમને ફિંગરપ્રિન્ટ અથવા આઈરીસ સ્કેનીંગમાં સમસ્યા નડે છે તેઓ આ સુવિધા દ્વારા ફેસીયલ ઓથેન્ટીકેશન કરાવી શકશે.

૧૨ આંકડાનો આધાર નંબર મેળવવા નોંધણી કરાવતી વખતે લેયાયેલ વ્યક્તિના ચહેરાની તસવીર પણ આધાર નંબર ધારકની ઓળખની ચકાસણી માટે વાપરી શકાશે.ફેસ ઓથેન્ટીકેશન એટલે કે ચહેરાની અધિકૃતતા ઓથેન્ટીકેશન યુઝર એજન્સીઓને વધારાના વિકલ્પો આપશે. જો કે આધાર નંબરની સફળ નોંધણી માટે ફેસ ઓથેન્ટીકેશનની સાથે ફિંગર પ્રિન્ટ,આઈરિસ સ્કેન અથવા ઓટીપી એમ ત્રણાંથી કોઈ એકનું સફળ ઓથેન્ટીકેશન ફરજીયાત છે.

## ભારત અને ઇઝરાયેલ વચ્ચે ૯ ક્ષેત્રમાં સહકાર માટે કરારો : ઇઝરાયેલી વડાપ્રધાન બેન્જામીન નેતાન્યાહુની ગુજરાતની મુલાકાત

ભારતની મુલાકાતે આવેલ ઈઝરાયેલ વડાપ્રધાને નરેન્દ્ર મોદી સાથે દ્રિપક્ષીય મંત્રણાઓ કર્યા બાદ ૯ જેટલા ક્ષેત્રોમાં સહકાર માટે કરારો કર્યા હતા.જે ક્ષેત્રમાં કરારો કરવામાં આવ્યા હતા તેમાં સાઈબર સિક્યોરીટી,પેટ્રોલીયમ,એર ટ્રાન્સપોર્ટ,હોમીયોપેથી સંશોધન,ફિલ્મ નિર્માણમાં સહકાર,સ્પેસ સાયંસ, બિઝનેસમાં મુડીરોકાણ,મેટલ એર બેટરીઝ અને સોલાર થર્મલ ટેકનોલોજી.

આ ઉપરાંત ઈઝરાયેલી વડાપ્રધાન ગુજરાતની મુલાકાતે આવ્યા હતા તેમજ ગાંધી આશ્રમ સહિતના કેટલાક સ્થળોની મુલાકાત લીધી હતી. ગુજરાતની મુલાકાતે વિદેશી મહેમાનો આવે છે તેનો જશ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફાળે જાય છે. તેમણે વિદેશી મહેમાનોને ગુજરાતની મુલાકાત લેવા આમંત્રિત કરીને ગુજરાતની શાન વધારી છે.

ઈઝરાયેલી વડાપ્રધાને જણાવ્યુ હતું કે વડાપ્રધાન મોદી ભારતમાં ક્રાંતિ લાવનારા ક્રાંતિકારી નેતા છે.તેઓ રાષ્ટ્રને ભવિષ્ય માટે તૈયાર કરી રહ્યા છે.તેમના પ્રયાસોથી ભારત મહત્વની સિધ્ધિઓ હાંસલ કરશે. ભારતની મહાન સંસ્કૃતિ,સહિષ્ણતા અને લોકશાહીનો પુરાવો છે.અન્ય દેશોની જેમ ભારતમાં યહુદીઓની સતાવણી કરાઈ નથી તે આનંદની વાત છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

દેશની સર્વોચ્ચ ન્યાયપાલિકાના ચાર સિનિયર જજોએ મોઘમમાં ચીફ જસ્ટીસ દિપક મિશ્રા સામે બગાવત કરી અને લોકશાહી ખતરામાં છે એમ ઘંટ વગાડ્યો.ખરેખર તેમણે જે વાત કરવાની છે તેમાં માત્ર નિર્દેષ જ કર્યો છે.બાકી જેઓ આ જજો શું કહેવા માંગે છે તે સમજી ચુક્યા છે.સરકાર પોતાના ધાર્યા મુજબના નિર્ણયો કોર્ટ પાસે કરાવી રહી છે તેવું કહેવાનું તાત્પર્ય જણાય છે.અને કોર્ટના આદેશો ને આગળ ધરીને સરકાર પોતાની મનમાની કરવાનો પ્રયત્ન કરી રહીછે.જો કે કોલેજીયમ સિસ્ટમ સામે સરકારની સામે કોર્ટે સતત લડત આપી છે. સરકાર પોતાની તરફેણ કરી શકે તેવા જ જજોની નિમણુંક થાય તેમ ઇચ્છે છે.પરિણામે આખી જ્યુડીશરી સરકારને ત્યાં ગીરવી મુકાઇ જાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થઇ જાય.દેશમાં માત્ર કહેવાતી લોકશાહી બચી જાય બાકી લોકશાહીના નામે સરમુખત્યારશાહી પાછલે બારણે દાખલ કરી દેવાય.ચારેય જજોને દાદ દેવી પડે કે તેમણે દેશની જનતાને જણાવી દીધું કે પરિસ્થિતિ ક્યા તબક્કે પહોચી ગઇ છે.હવે દેશની જનતા જાગશે નહીં તો પછી પસ્તાવાનો વારો આવશે નહી.

ખેર,યુપીએ સરકારને ઉથલાવી દેવા માટેનું કાવતરુ ઘડાયું અને ક્રેગના વિનોદ રાય તેમાં હાથો બન્યા તેઓ દાવો રાજાએ તેમના પુસ્તકમાં કર્યો .પરિણામે રાજા સહિતના જે લોકો સામે ટુજી કૌભાંડમાં કેસો કરવામાં આવ્યા હતા તે બધા નિર્દોષ સાબિત થયા. પરંતુ યુપીએ સરકાર વગર વાંકે ઘર ભેગી થઇગઇ તેનું શું ? જે લોકો આ બધાનો સામનો કરી શકે તેવા છે તે બધાને કોઇને કોઇ કેસોમાં ફસાવી દેવાની કાર્યવાહી પુરજોશમાં ચાલી રહી છે.

આપની સરકારને ઉથલાવવાના પ્રયત્નોમાં ચુંટણીપંચ દ્વારા જે એકશન લેવામાં આવ્યું તેના પરિણામે આપના ૨૦ સભ્યો ગેરલાયક ઠરશે પરંતુ હજુ સુધી તેમાં રાષ્ટ્રપતિ તેમનો નિર્ણય લેશે. અને તે ચુંટણીપંચે લીધેલા નિર્ણય પર મહોર મારશે .ખેર,ભાજપને દિલ્હીમાં કરારી હાર બાદ તેમના યેનકેન પ્રયત્નોમાં ૨૦ને ગેરલાયક ઠેરવવામાં તેઓ કામયાબ નિવડ્યા છે.પરંતુ આ સભ્યોએ કહ્યુ છે કે પેટા ચુંટણીમાં ભાજપ જીતી બતાવે. ખેર,આવનારા દિવસો દેશના માટે અનેક જુદા જુદા મુદાઓથી રાજકીય આંધીમાં ગરમાવો આવતો રહેશે.

## મંતવ્ય

કોંગ્રેસની સરકાર વખતે હિંદુઓની ભારે મેદની એકઠી કરી શકતા વિશ્વ હિન્દુ પરિષદના અધ્યક્ષ ડો.પ્રવીણ તોગડીયા પોતાના તેજાબી ભાષણોમાં પાકિસ્તાન અને જેહાદીઓ પર ચાબખા વરસાવનાર તાજેતરમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં જે રીતે રડતા હતા તે જોઇને તેમણે સાબિત કરી દીધું કે તેઓ માત્ર કાગળના જ વાઘ હતા.પોતાની ધરપકડ કરવા આવેલી પોલીસને થાપ આપી ભાગી જઇ ગયા.હિંદુઓના નેતા આવા ડરપોક અને ભાગેડું હોય તેનાથી હજારો તેમના સમર્થકોએ શરમની લાગણી અનુભવી.તેમનું એન્કાઉન્ટર થવાનું છે અને તે માટે તેમણે વડાપ્રધાન મોદી અને અમિત શાહ જેઓ ભાજપના પ્રમુખ છે તેમને માથે આરોપ મુક્યો.

સરકાર સામે પડેલા તોગડીયાને રંજાડવા માટે તેમની વિરુધ્ધ નોધાયેલા અનેક કેસો ખુલવા માંડ્યા છે.આ કેસો પુરવાર થાય તો સજા તો થાય પણ તેમાં ફાંસીની સજા નહીં થાય.પરંતુ હવે તેમને તેમના પર ભરોસો નથી અને વધારેમાં પુરુ તેમના સાથી અને તેમની સંસ્થા દ્વારા તેમને ટેકો મળશે કે કેમ તે પણ નક્કી નથી. તાજેતરની ચુંટણીમાં તેઓ જીતી ગયા પરંતુ હવે તેમનો પહેલા જેવો પાવર ચાલતો નથી.આજે પરિસ્થિતિ એવી બની છે કે પોલીસ આવે અને તોગડીયા ભાગી જાય એનો મતલબ કે સરકારમાં તેમનું કંઇ ઉપજતું નથી.સરકાર હવે વિહિપને મહત્વ આપતી નથી. જો કે ગુજરાતમાં મોદી મુખ્યમંત્રી હતા ત્યારથી વિહિપ અને બજરંગ દળની પડતી શરુ થઇ ગઇ હતી.ભાજપને તેમની જરુર નહોતી.ચુંટણીમાં માત્ર મોદીનો જ કરિશ્મા ચાલે પછી બીજાનું શું કરવાનું ખેરતોગડીયા યુગ પુરો થઇ ગયો.

રમણભાઇ પી. વણકર




વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


# પ્રેસને અભિવ્યક્તિની આઝાદી આપો, બદનક્ષીનો ડર નહી : અહેવાલમાં ભુલ મુદ્દે માનહાનિ ન કરાય : સુપ્રીમ કોર્ટ

ઉચ્ચતમ ન્યાયાલયે ટિપ્પણી કરી છે કે પ્રેસની અભિવ્યક્તિની આઝાદી પુર્ણ હોવી જોઇએ અને કેટલાક ખોટા રિપોર્ટીંગ બદલ મીડીયાને માનહાનિ માટે ઘેરી શકાય નહીં. મુખ્ય ન્યાયાધીશ દિપક મિશ્રા, ન્યાયમુર્તિ એ.એમ.ખાનવિલકર અને ન્યાયમુર્તિ ધનંજય વાય ચંદ્રચુડની ત્રણ જજની ખંડપીઠે એક પત્રકાર અને મીડીયા હાઉસ વિરુધ્ધ માનહાનિની ફરિયાદ કાઢી નાંખવાની પટના હાઇકોર્ટના આદેશને પડકારતી અરજી પર વિચાર કરવાનો ઈન્કાર કર્યો હતો. વરિષ્ઠ પત્રકાર રાજદીપ સરદેસાઇ અને નેટવર્ક ૧૮ના સંસ્થાપક અને પુર્વ સીઇઓ રાઘવ બહલની વિરુધ્ધ બિહારના પુર્વ મંત્રી પરવીન અમાનુલ્લાહની પુત્રી રહમત ફાતિમા અમાનુલ્લાહે બદનક્ષીનો કેસ દાખલ કર્યો હતો.પીઠે જણાવ્યુ હતું કે લોકતંત્રમાં અરજીકર્તાએ સહનશીલતા શીખવી જોઇએ. કોઇ કહેવાતા કૌભાંડની રિપોર્ટીંગ સમયે ઉત્સાહમાં કોઇક ભુલ થઇ શકે છે. પરંતુ આપણે પ્રેસને બોલવાની તથા અભિવ્યક્તિની આઝાદી આપવી જોઇએ. કશુંક ખોટું રિપોર્ટીંગ થઇ શકે છે તેને માટે તેને બદનક્ષીના કેસથી ઘેરી લેવાની જરુર નથી.અદાલતે બદનક્ષી અંગે દંડાત્મક કાયદાને યોગ્ય ઠેરવતાં પોતાના આ પહેલાંના એક ચુકાદાનો ઉલ્લેખ કરતાં કહ્યુ હતું કે આ જોગવાઇ ભલે બંધારણીય હોય પરંતુ કોઇ કૌભાંડ અંગે કહેવાતા ખોટા રિપોર્ટીંગથી માનહાનિનો ગુનો બનતો નથી.આ કેસમાં રહમત ફાતિમા અમાનુલ્લાહે એક હેવાલનું ખોટુ રિપોર્ટીંગ પ્રસારિત કરવા ટે એક પત્રકાર વિરુધ્ધ વ્યક્તિગત બદનક્ષીની ફરીયાદ કાઢી નાંખવાના ઉચ્ચ ન્યાયાલયના આદેશને પડકાર્યો હતો.મહિલાનું કહેવું હતું કે ખોટા રિપોર્ટીંગથી તેના પરિવારના સભ્યોની બદનામી થઇ છે.

# કર્ણાટકના મુખ્યમંત્રીએ ભારતીય જનતા પાર્ટી અને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘને કટ્ટરવાદીઓ ગણાવ્યા

કર્ણાટક વિધાનસભા ચુંટણીના ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે શાબ્દિક પ્રહારો શરુ થઇ ગયા છે.ભાજપ અને સંઘ પર તેના હુમલા આકરા કરતાં કર્ણાટકના મુખ્યમંત્રી સિધ્ધારમૈયાએ તેમને હિન્દુ કટ્ટરપંથીઓ ગણાવ્યા હતા.ભાજપે વળતો હુમલો કરીને કહ્યુ કે કોંગ્રેસ અલગતાવાદીઓનું સમર્થન કરે છે.ભાજપે તેના અને સંઘના નેતાઓનું ધરપકડ કરવાનો સિધ્ધરમૈયાને પડકાર ફેક્યો હતો.ભાજપ અને સંઘ પાસે આતંકીઓ છે તેવું ગઇકાલે કહેવા બદલ ભગવા પક્ષ તરફથી આકરા પ્રહારોનો સામનો કરનાર સિધ્ધરમૈયાએ તેમને હિદુત્વ કટ્ટરપંથીઓ ગણાવ્યા હતા.તેમની ટિપ્પણી અંગે પુછાયેલા સવાલના જવાબમાં તેમણે કહ્યુ હતું કે મે તેમને હિદુત્વ કટ્ટરપંથીઓ કહ્યા છે. પરંતુ મૈસુરમાં પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે જે કહ્યુ હતું તેમાંથી તેઓ ફરી ગયા હતા.તેમણે કહ્યુ હતું કે હું પણ હિન્દુ છું પરંતુ હું માનવતા પ્રેમી હિન્દુ છું.

# મોદી-શાહ તોગડીયાના દાવા અંગે સ્પષ્ટતા કરે : શિવસેના

ભાજપાના સાથી પક્ષ શિવસેનાએ કહ્યુ છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહે વિશ્વ હિંદુ પરિષદના નેતા પ્રવીણ તોગડીયાએ કરેલા આક્ષેપો અંગે સ્પષ્ટતા કરવી જોઇએ. તોગડીયાએ પોતાની હત્યા થશે તેવો દાવો કર્યો તેના સંદર્ભમાં શિવસેનાએ આ માંગણી કરી છે. જ્યારે હિંદુવાદી નેતાને જો પોતાના જીવન પર જોખમ લાગતું હોય ત્યારે મોદી અને અમિત શાહ જાહેરમાં તો અંગે સ્પષ્ટતા કરવી જોઇએ.જ્યારથી નવી સરકાર સત્તામાં આવી છે ત્યારથી એલ.કે.અડવાણી સહિતના ઘણા અવાજો દબાઇ ગયા છે. એમ ઉદવ ઠાકરેએ પાર્ટીના મુખપત્ર સામનામાં લખ્યું છે. મુખપત્રમાં લખાયું છે કે આગ ઝરતાં ભાષણો માટે જાણીતા તોગડીયાએ જાહેરમાં રડવું પડે તે એક આશ્ચર્યકારક ઘટના સમાન લાગે છે.તેમને તેમના જીવન પર જોખમ લાગે છે તે જાણીને અમને ઘણો આઘાત લાગ્યો છે તેમ તેમાં લખાયું છે.

# યુપીએ સરકાર ઉથલાવવા વિનોદ રાયે ટુજી કાંડ ગોઠવ્યું હતું : રાજા

ચકચારી ટુજી સ્પેકટ્રમ કૌભાંડના તમામ આરોપોમાંથી નિર્દોષ બહાર આવેલા પુર્વ મંત્રી અને ડીએમકેના નેતા એ રાજાએ એક મહિના પછી આ મામલે ખતરનાક રાજકીય ઘટસ્ફોટ કરવાનું શરુ કરી દીધું છે. રાજાએ આરોપ મુક્યો છે કે ટુજી કૌભાંડ તે વખતના કમ્પ્ટ્રોલર એન્ડ ઓડીટર જનરલ(ક્રેગ) વિનોદ રાયનું યુપીએ સરકાર ઉથલાવવાનું કાવતરુ હતું. એટલું જ નહીં રાજાએ આ મામલે પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહના સતત મૌન સામે પણ સવાલો કર્યા છે.રાજની ફરિયાદ છે કે મનમોહને તેમને બચાવવા માટે કોઇ પ્રયાસ કર્યા નથી. પુર્વ ટેલીકોમ મંત્રી અંદીમુથુ રાજાએ ટુજી કૌભાંડની રુપરેખા અંગેના પુસ્તક ટુ જી સાગા અલફોલ્ડ લખ્યું છે જેમાં આ તમામ ઘટસ્ફોટ કરવામાં આવ્યા છે. રાજાએ લખ્યું છે કે ટુજી સ્પેકટ્રમ ફાળવણીમાં ઓડીટ કરતી વખતે વિનોદ રાયે જાણીજોઇને ચેડા કર્યા હતા કારણકે તેમનો ઈરાદો તત્કાલીન યુપીએ સરકારને ખસેડવાનો હતો.આ કેસની ટ્રાયલ વખતે મને સતત લાગ્યા કર્યું હતું કે તે વખતના ક્રેગના વિનોદ રાયના ખભે બંધુક મુકીને યુપીએની સરકારને ઉથલાવી દેવા આ કાવતરુ રચાયું હતું.જો કે ગત મહિને આ કેસમાં તમામને નિર્દોષ કોર્ટે જાહેર કર્યા હતા.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોંચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386



★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરૂ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

# અમેરીકામાં મેરિટના આધારે ઇમિગ્રેશન સિસ્ટમ આગળ ધપાવવા ગ્રીન કાર્ડની ફાળવણીમાં ૪૫ ટકાનો વધારો થશે!

અમેરિકામાં મેરિટને આધારે ઈમિગ્રેશન સિસ્ટમને આગળ ધપાવવા અને ગ્રીન કાર્ડની ફાળવણીની વાર્ષિક સંખ્યા ૪૫ ટકા વધારવાની દરખાસ્ત સાથેનું બિલ અમેરિકન સંસદના ગૃહ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટીવમાં રજુ કરવામાં આવ્યુ છે.જો આ બિલ મંજુર થશે તો ભારતીયોને ફાયદો થશે.કારણકે લાખો ભારતીયોની ગ્રીન કાર્ડ માટેની અરજી લાંબા સમયથી પેન્ડીગ છે. ટ્રમ્પ વહીવટી તંત્રએ સિક્યુરીંગ અમેરિકાઝ ફ્યુચર્સ એકટ નામથી રજુ કરેલું આ બિલ પસાર થશે તો વિઝા પ્રોગ્રામમાં જોવા મળતી વિસંગતતા દુર થશે.અને હાલમાં જે વાર્ષિક સરેરાશ ઈમિગ્રેશન લેવલ ૧૦.૫ લાખ છે તે ઘટીને વાર્ષિક ૨,૬૦,૦૦૦ થઈ જશે.આ બિલ મુજબ ગ્રીન કાર્ડ ફાળવવાની વાર્ષિક ૧.૨૦,૦૦૦ની મર્યાદામાં ૪૫ ટકા વધારો કરીને ૧.૭૫,૦૦૦ કરવાની પણ દરખાસ્ત છે.

એચ ૧બી વિઝા પર અમેરિકા જતા ભારતીય મુળના આઈટી પ્રોફેશનલ્સ ગ્રીન કાર્ડ માટે અરજી કરતા હોય છે.જેમની ખાસ્સી અરજી હાલ પેન્ડીગ છે. હવે ગ્રીન કાર્ડની સંખ્યામાં વધારો થવાથી આવા ભારતીયોને તેનો ફાયદો મળશે.એક અંદાજ મુજબ પાંચ લાખ ભારતીયો ગ્રીન કાર્ડ માટે રાહ જોઈ રહ્યા છે.આ પૈકી ઘણા તો એક દાયકાથી પણ વધારે સમયથી રાહજોઈ રહ્યા છે.સ્પષ્ટ છે કે એચ ૧બી વીઝા અંતર્ગત જે લોકો અમેરિકામાં કામ કરવા માટે જાય છે તેમને હંગામી વિઝા મળતો હોય છે.તે પછી કંપનીઓ કૌશલ્ય ધરાવતા પ્રોફેશનલોને નોકરીએ રાખી શકતી હોય છે. વાર્ષિક ગ્રીન કાર્ડની સંખ્યા વધારવાનો મતલબ એ થાય છે કે અમેરિકામાં કાયમી રીતે વસવાટ કરવાની આશા સાથે બેઠેલા ભારતીય પ્રોફેશનલોના ઈન્તજારની અવધિ હવે આ બિલ આવવાની સાથે ટુંકાઈ જશે.

# રાષ્ટ્રગીત અંગે વલણ બદલતાં શિવસેનાએ સરકારની ટીકા કરી

સિનેમા હોલમાં રાષ્ટ્રગીત વગાડવું હવે ફરજીયાત નથી તેવા સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ સાથી પક્ષ ભાજપ સામે આકરા પ્રહારો કરતાં શિવસેનાએ ભક્તો અને સંઘને વિનંતી કરી હતી કે તેઓ રાષ્ટ્રવાદ સામે તેમનું વલણ સ્પષ્ટ કરે.પોતાના મુખપત્ર સામનામાં સુપ્રીમના ચુકાદાને ઐતિહાસિક અથવા ક્રાંતિકારી ગણાવતાં સેનાએ કહ્યુ હતું કે સિનેમા હોલમાં રાષ્ટ્રગીત વગાડવું મહત્વનું નથી તેમ ભાજપની આગેવાની હેઠળની સરકારે સુપ્રીમમાં કહેતાં આ ચુકાદો જાહેર થયો હતો.તેણે સવાલ કર્યો હતો કે હવે આ મામલે સંઘ અને અન્ય રાષ્ટવાદી સંગઠનોનું શું વલણ છે ? વંદે માતરમ ગાનારાઓ રાષ્ટ્રવાદીઓ છે અને જે એ નથી ગાતા તેઓ દેશદ્રોહીઓ છે તેમ મોદી શાસનમાં કહેનારાઓ માટે સુપ્રીમનો ચુકાદો એક મોટા ફટકા સમાન છે.રાષ્ટ્રગીત પર સરકારના વલણને કાયરતાપુર્ણ ગણાવી શિવસેનાએ કહ્યુ હતું તેની રાષ્ટ્રવાદની વ્યાખ્યા રોજ બદલાય છે.

# ઓડીસાના કંધમાલમાં જલંધર નાયકે પહાડ કાપીને ૧૫ કી.મી નો રસ્તો એકલાએ મહેનત કરીને તૈયાર કર્યો

એકલ પંડે મહેનત કરીને ભગીરથ કાર્ય કરવું તે માટે ૫૬ની છાતી જોઈએ.આવું એક ભગીરથ કામ દરરોજ આઠ કલાક જાત મહેનત કરી પહાડો કાપીને ૧૫ કી.મી.નો રસ્તો તૈયાર કરવામાં ઔડિસાના કંધમાલમાં ફુલબાની પાસે આવેલા ગુમસાહી ગામના બાળકો સ્કુલે જઈ શકે તે માટે ઓડિસાના જલંદર નાયકે કર્યુ.તેમણે જાત મહેનતથી પહાડો કાપીને આ રસ્તો તૈયાર કર્યો.તેમના આ ભગીરથ પુરુષાર્થને બિરદાવવા હવે જિલ્લા તંત્ર આગળ આવ્યું છે.અને તેમનું સન્માન કરવાનો અને તેમને મનરેગા સ્કીમ હેઠળ વળતર અપાવવાનો નિર્ણય કર્યો છે.

બિહારમાં પણ માઉન્ટમેન તરીકે વિખ્યાત દશરથ માંઝીએ પણ આવો એક ભવ્ય પુરષાર્થથી જે કાર્ય કર્યુ હતું તેને ભારે પ્રસિધ્ધિ મળી હતી.દશરથ માંઝીએ ૨૨ વર્ષ સુધી એક હથોડાથી પહાડ કાપીને ૩૬૦ ફુટનો રસ્તો બનાવી નાંખ્યો હતો.જ્યારે છીણી અને કોસની મદદથી નાયકે બે વર્ષ સુધી પહાડને કોતરીને રસ્તો બનાવી નાંખ્યો અને ૮.કી.મી.નો રસ્તો તૈયાર કર્યો

## જાણવા જેવું

મગરની જીભ તેના મોઢાના ઉપરના ભાગ સાથે જોડાયેલી હોય છે.તેને કારણે મગર ચાવવાની ક્રિયા કરી શકતોનથી.પરંતુ તેનો પાચનરસ એટલો શક્તિશાળી હોય છે કે તે લોખંડની વસ્તુઓ સુધ્ધાં પચાવી શકે છે.

વિશ્વમાં મળી આવતાં સૌથી નાના ઓકટોપસની લંબાઈ અઢી સે.મી.હોય છે.

ભારતનું સૌ પ્રથમ મહીલા પોલીસ સ્ટેશન કેરળના કાલિકટમાં શરુ કરવામાં આવ્યું હતું.


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



**કાર ભાડે મળશે**



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




# આધારની સુરક્ષાના મુદ્દે ઘોડા નાસી ગયા બાદ તબેલાને તાળા મારવા જેવો ઘાટ થયો છે : કોંગ્રેસના નેતા પી.ચિદમ્બરમ

કોંગ્રેસી નેતા અને પુર્વ નાણાં પ્રધાન પી. ચિદમ્બરમે આધાર ડેટાની સુરક્ષા માટે યુઆઈડીએઆઈ દ્વારા શરુ કરાનાર વર્ચ્યુઅલ આઈડી સિસ્ટમને સરકારનું નવું તુત ગણાવ્યુ હતું.ટ્વિટ દ્વારા નવી સિસ્ટમનો વિરોધ કરતાં તેમણે કહ્યુ હતું કે સરકારે અગાઉ તેની અનેક યોજનાઓ સાથે કરોડો લોકોને આધાર નંબર લિંક કરવાની ફરજ પાડી પછી નવી સિસ્ટમ ઘોડા નાસી ગયા પછી તબેલાને તાળુ મારવા જેવું છે.કરોડો લોકોએ તેમનો આધાર નંબર સરકારી સંસ્થાઓ, બેન્કો તેમજ મોબાઈલ સર્વિસ પ્રોવાઈડર સાથે લિંક કર્યા છે. ત્યારે સરકાર અને યુઆઈડીએઆઈ હવે સફાળી જાગી છે અને આધાર ડેટાની સુરક્ષા માટેનવી વર્ચ્યુઅલ આઈટી સિસ્ટમ દાખલ કરાશે તેવી જાહેરાત કરી છે.

આધાર કાર્ડની સંસ્થા દ્વારા એક પરિપત્ર દ્વારા એવી જાહેરાત કરાઈ હતી કે નાગરિકોના ડેટાની સુરક્ષા માટે તેના દ્વારા સુરક્ષાનું નવુ સ્તર ઉમેરવામાં આવશે જેને વર્ચ્યુઅલ આઈડીનું નામ આપવામાં આવ્યુ છે. આ આઈડી ૧૬ આંકડાનું રહેશે. જે આધાર નંબરના સ્થાને માન્ય ઓળખપત્ર તરીકે કામગીરી કરશે.

# સોહરાબુદ્દીન કેસ ચલાવતા જજના શંકાસ્પદ મોત અંગે દાખલ થયેલી અરજી પર સુપ્રીમ કોર્ટે સુનાવણી કરશે

સીબીઆઇ જજ બ્રિજમોહન લોયાના શંકાસ્પદ મૃત્યુ અંગે દાખલ થયેલ અરજી પર સુપ્રીમ કોર્ટે સુનાવણી કરવાનું ઠરાવ્યુ હતું.જસ્ટીસ લોયા સીબીઆઈના સ્પેશીયલ કોર્ટમાં શોહરાબુદ્દીન એન્કાઉટર કેસ ચલાવતા હતા.આ હાઇ પ્રોફાઈલ કેસમાં ગુજરાતના કેટલાંક મોટા અધિકારીઓ આરોપી છે.જનહિત અરજી સુપ્રીમ કોર્ટના વકીલ અનિતા સિનોયે દાખલ કરી હતી. અરજી કરનાર અનિતાએ પોતાની અરજીમાં જસ્ટીસ લોયાના મૃત્યુની નિષ્પક્ષ તપાસ કરવા માંગણી કરી છે.તેમણે કેસની તત્કાલ સુનાવણી ત્રણ જજોની બેન્ચ પાસે કરાવવા માટે પણ માંગણી કરી છે.

અંગ્રેજી મેગેઝીન ધ કારવાંમાં જસ્ટીસ લોયાના મૃત્યુ અંગે પરિવારની શંકાના આધારે એક વિસ્તૃત રિપોર્ટ પ્રકાશિત થઈ હતી.આ અહેવાલ બાદ દેશના કેટલાક વિસ્તારોમાંથી જસ્ટીસ લોયાના મૃત્યુ અંગે મોટા પ્રમાણમાં સવાલો ઉઠાવાયા હતા.આ મામલે બોમ્બે લોયર્સ એસો.ને બોમ્બે હાઈકોર્ટમાં એક જનહીત અરજી દાખલ કરીને જસ્ટીસ લોયાના મૃત્યુની નિષ્પક્ષ તપાસની માંગણી કરી છે.હવે સુપ્રીમ કોર્ટમાં તેની સુનાવણી થશે.

બીજી તરફ લોયાના પુત્રએ બોમ્બે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ મંજુલા ચેલ્લુર સાથે પણ મુલાકાત કરી હતી.તેણે આ દરમિયાન પોતાના પિતાની મોતના સંદિગ્ધ કારણો અને પરિસ્થિતિ અંગે પણ વિગતે ચર્ચા કરી હતી.

# ભાજપ શાસિત રાજ્યોમાં પદ્માવત ફિલ્મ પરના પ્રતિબંધ પર સુપ્રીમ કોર્ટનો મનાઇ હુકમની અવગણના ચાલુ

સુપ્રીમ કોર્ટે વિવાદમાં ઘેરાયેલી સંજય લીલા ભણસાલીની ફિલ્મ પદ્માવતની રીલીઝ પર ભાજપ શાસિત ચાર રાજ્યોએ મુકેલા પ્રતિબંધ પર સ્ટે મુકીને તેની રીલીઝ આડેનો માર્ગ મોકળો કરી દીધો છે.સીબીએફસી એ ફિલ્મને મંજુરી આપી હોવા છતાં ગુજરાત,હરિયાણા,રાજસ્થાન અને મધ્યપ્રદેશે તેની રીલીઝ પર પ્રતિબંધ મુક્યો છે.હવે તેની સુનાવણી માર્ચમાં થશે.કોર્ટના આદેશ છતાં જે તે રાજ્યોએ ફિલ્મને રીલીઝ નહી કરવાની રીત અપનાવી છે.કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી રાજ્યની છે અને તેને લઈને રાજ્યોએ પોતાનો પ્રતિબંધ હટાવી લેવો પડશે. પરંતુ તેમ થયું નથી.આમ કોર્ટ અને રાજ્ય સરકારો આમને સામને છે.


**ગ્લોરી કેટરીંગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: જ્હોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૦૯૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

# વિદેશી મુડી રોકાણને વેગ આપવા કેન્દ્રીય કેબિનેટે એફડીઆઇને મંજુરી આપી

લોકસભાની ૨૦૧૪ની ચુંટણી વખતે ગાજી ગાજીને વિદેશી મુડી રોકાણને મંજુરી આપવા સામે ભારે વિરોધ કરી રહેલ હાલની સરકારે કેબિનેટ મીટીંગમાં સિંગલ બ્રાંડ રિટેલ અને કન્સ્ટ્રક્શન સેક્ટરમાં ઓટોમેટીક રુટ દ્વારા ૧૦૦ ટકાની પરવાનગી આપી દેવાઇ છે.કેન્દ્ર સરકારને હવે લાગી રહ્યું છે કે દેશમાં વિદેશી રોકાણ લાવવું હોય તો આ સુધારો જરુરી છે.સિંગલ બ્રાંડમાં રિટેલમાં ૧૦૦ ટકા સીધા વિદેશી રોકાણને કારણે હવે દેશમાં વોલમાર્ટ અને આઇકીયા જેવા મલ્ટિસ્ટોર શરુ કરવાનો માર્ગ ખુલી ગયો છે.સરકારના આ નિર્ણયથી દેશમાં સીધુ મુડી રોકાણ વધશે.

દેશમાં આવક અને રોજગારીનું પ્રમાણ આ સુધારાને કારણે વધશે.દેશમાં એપ્રિલથી સપ્ટે.ના ગાળામાં એફડીઆઇમાં ૧૭ ટકાનો વધારો થયો હતો.અને તેનો આંક ૨૫.૩૫ અબજ ડોલર પર પહોચ્યો હતો.બાંધકામ ક્ષેત્રે ૧૦૦ ટકા એફડીઆઇને મંજુરી આપતાં કેબિનેટે સ્પષ્ટતા કરી હતી કે રિયલ એસ્ટેટ બ્રોકિંગ સર્વિસ એ રિયલ એસ્ટેટ બિઝનેસમાં આવતું નથી.આથી હવે રિયલ એસ્ટેટ બ્રોકિંગ સર્વિસમાં ઓટોમેટિક રુટ દ્વારા ૧૦૦ ટકા એફડીઆઇને મંજુરી આપવામાં આવે છે.જો કે વેપારી મહામંડળે સિંગલ બ્રાંડ રિટેલમાં ઓટોમેટિક રુટથી ૧૦૦ ટકા એફડીઆઇને મંજુરી આપવાનો વિરોધ કરાયો છે.આને કારણે ભારતના સિંગલ બ્રાન્ડ રિટેલમાં વિદેશી કંપનીઓનો આસાનીથી પગપેસારો થઇ જશે.

જો કે બાંધકામ ક્ષેત્રે અટકી પડેલા પ્રોજેક્ટ આગળ વધશે.પરંતુ મકાનોના ભાવો વધી શકે છે.

સરકારે એર ઇન્ડીયાને નાણાંભીડમાંથી ઉગારવા માટે એવીએશન સેક્ટરમાં એપ્રુવલ રુટ દ્વારા ૪૯ ટકા સીધા રોકાણને પરવાનગી આપી છે.આને કારણે વિદેશી એરલાઇન્સ હવે એરઇન્ડીયામાં સીધું ૪૯ ટકામાં રોકાણ કરી શકશે.નાણાંની અછત નિવારવા સરકારે એરઇન્ડીયાના શેરોનું વેચાણ કરવાનું આયોજન કરેલું છે.

# ઓગષ્ટા વેસ્ટલેન્ડ હેલીકોપ્ટર સૌદામાં લાંચના કૌભાંડમાં ઇટાલીએ મુખ્ય આરોપીઓને નિર્દોષ છોડી મુક્યા

જે જે કૌભાંડોના કારણે સત્તા પલટો થયો છે તેમાં મુખ્ય એવા એક ઓગષ્ટા વેસ્ટ લેન્ડના રુ.૩૬૦૦કરોડના હેલીકોપ્ટર સોદામાં લાંચના મામલે ઇટાલીની અદાલતે મુખ્ય આરોપીઓને અને કંપનીના મોટા અધિકારીઓને મુક્ત કરી દીધા છે.હવે સવાલ એ છે કે ભારતમાં જે લોકોએ લાંચ લીધી હોવાનો આરોપ છે તેમનું શું થશે?શું તેમના પરના આરોપો કેવી રીતે સાબિત થશે? ઇટાલીની મિલાન કોર્ટે બે આરોપીઓ જી.ઓરસી અને બ્રુનો સ્પૈગોલિનીને લાંચ આપવાના આરોપમાંથી મુક્ત કરી દીધા છે. કારણકે તેમની પાસે લાંચ આપવાના કોઇ પુરાવા મળી શક્યા નહોતા.જી. ઓરસી ફેનમેકાનિકાના પુર્વ પ્રમુખ છે અને બ્રુનો સ્પૈગોલિની અગસ્તા વેસ્ટલેન્ડના પુર્વ સીઇઓ છે. મતલબ કે જેમના પર લાંચ આપવાનો આરોપ હતો તેઓ મુક્ત થઇ ગયા છે.

ઓગસ્ટા વેસ્ટલેન્ડ હેલીકોપ્ટર સોદા કેસમાં એરફોર્સના તત્કાલીન એરફોર્સ વડા એસ.પી. ત્યાગી અને તેમના ત્રણ સગાં સહિત ૭ અધિકારીઓ સામે કૌભાંડનો આરોપ મુકાયો હતો.સીબીઆઇ નવ લોકો સામે ચાર્જશીટ દાખલ કરી ચુકી છે.ઇટાલીમાં ચુકાદો આવ્યા બાદ સીબીઆઇના પ્રવક્તા અભિષેક દયાલનું કહેવું છે કે ભારતમાં ચુકાદાની કોઇ અસર થશે નહી.કેમકે અહીં સ્વતંત્ર રીતે તપાસ કરાઇ છે.સીબીઆઇ એ નિવેદન આપ્યું છે કે અમે અલગ રીતે તપાસ કરી છે.અમારો કેસ મજબુત છે.ઓરસી અને સ્પેગનોલિની સામે ઇટાલીના અધિકારીઓ દ્વારા શરુ થયેલી તપાસ પછી ૨૦૧૨માં કેસ નોધાયો હતો.

સીબીઆઇએ આક્ષેપ કર્યો હતો કે ૮ ફેબ્રુઆરી ૨૦૧૦ના રોજ થયેલી આ ડીલને કારણે સરકારી તિજોરીને ૩૯.૮૨ કરોડ ડોલર(અંદાજે ૨૬૬૬ કરોડ રુપીયા)નું નુકશાન થયું છે. કે ખોટ ગઇ છે.જો કે બીજો સવાલ એ છે કે ઇટાલીની કોર્ટમાં આરોપીઓએ લાંચ આપી હોવાનો કોઇ પુરાવો ન સાબિત થતાં તેઓ છુટી ગયા છે. પરંતુ હવે જાણવાની વાત એ છે કે કોઇએ લાંચ આપી નથી તો લાંચ લેવાનો આરોપ ક્યાં પુરાવાના આધારે સાબિત થશે?સીબીઆઇ ગમે તે દાવો કરે પણ આ કેસમાં ઇટાલીની કોર્ટના ચુકાદાને કારણે તેને ફટકો તો પડ્યો જ છે.

ઇટાલીના અધિકારીઓ ભારતમાં ૧૨ હેલીકોપ્ટરના વેચાણ માટે રુ.૩૬૦૦કરોડના સોદામાં કથિત ભ્રષ્ટાચારની તપાસ કરી રહ્યા હતા.ઓગષ્ટા વેસ્ટલેન્ડ સોદામાં કૌભાંડની વાત પ્રકાશમાં આવી હતી.રુ.૩૬૦૦ કરોડના સોદામાં ૧૦ ટકા ભાગ લાંચ પેટે ચુકવવાનો આરોપ થયો હતો.એવા આક્ષેપો થયા કે હેલીકોપ્ટર વેચવા માટે ભારતીય અધિકારીઓને લાંચ પેટે રુ. ૩૬૦ કરોડની લાંચ અપાઇ હતી.હવે લાંચ આપી નથી તેવું સાબિત થાય તો લાંચ લીધી છે તેવું ક્યા આધારે સાબિત થાય તે માત્ર સીબીઆઇ કહી શકે અન્યથા સામાન્ય કોઇના ભેજામાં વાત ઉતરે તેમ નથી. હા, પોપટ ભુતકાળની સરકારને દોષિત બનાવવા માટે નિવેદનો કરી શકે તેમાં બેમત ના હોઇ શકે.

# સ્વચ્છ રેકોર્ડ ધરાવનારને જ પોલીસ સેવામાં ભરતી કરો : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે પોલીસ ભરતીના એક કેસમાં કહ્યુ છે કે જે વ્યક્તિ સ્વચ્છ છબી ધરાવતી હોય અને રેકોર્ડ સ્વચ્છ હોય અને ઇમાનદાર હોય તેને જ પોલીસમાં ભરતી કરવા જોઇએ.માર્ચ ૨૦૧૦માં ક્રિમિનલ રેકોર્ડ ધરાવતી પાંચ વ્યક્તિએ ચંડીગઢ પોલીસ દળમાં કોન્સ્ટેબલના પદ માટે અરજી કરી હતી. પરંતુ તપાસ સમિતિએ તેમની અરજી રદ કરી હતી. ત્યારબાદ સેન્ટ્રલ એજમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલ એ સમિતિના આ નિર્ણયને પલટી નાંખ્યો અને પાંચેયની અરજી સ્વીકારી લેવાની મંજુરી આપી હતી.પંજાબ અને હરિયાણા હાઇકોર્ટે પણ કેટના નિર્ણયને યોગ્ય ગણાવ્યો હતો.હાઇકોર્ટના કોન્સ્ટેબલના પદ માટે અરજી કરનારા ઉમેદવારોને રાહત આપી હતી તેથી આ કેસ સુપ્રીમમા ગયો હતો. શક્ય છે કે કોર્ટનું અનુમાન કે અવલોકન સાચું હોય પરંતુ શરુઆતના તબક્કામાં સ્વચ્છ રેકોર્ડ ધરાવતા સૌથી વધારે ટકામાં ઉમેદવારો નિકળી શકે છે.બહુ થોડા તમારી અપેક્ષા બહારના હોઇ શકે. પરંતુ જેઓ નોકરીમાં સ્થિર થઇ ગયા છે અને સ્વચ્છ નથી તેનું શું કરીશું તેનું કોર્ટે તારણ આપ્યુ હોત તો સારુ હતું.ખેર પોલીસ ખાતામાં સ્વચ્છતા અભિયાન ચાલુ કરાય અને જે પ્રકારે સુપ્રીમ કોર્ટે તારણ આપ્યુ છે તે પ્રમાણે કરવા જઇએ તો પોલીસ ખાતુ ખાલી થઇ જાય.

# ઉત્તર પ્રદેશમાં ગૌરક્ષકોએ ગાયની ચોરીની શંકાને આધારે બે દલિત યુવકોનું માથુ મંડાવ્યુ અને રોડ શો કર્યો

ઉત્તરપ્રદેશમાં બલિયામાં ગાયોની ચોરીના આરોપમાં બે દલિત યુવકોનું માથુ મુંડાવીને જાહેરમાં ફેરવવાનો મામલો પ્રકાશમાં આવ્યો છે.હિન્દુ યુવા વાહીનીના કાર્યકર્તાઓએ બે દલિત યુવકો સાથે આવુ કૃત્ય આચરવાનો આરોપ લાગ્યો છે.પોલીસે જણાવ્ય હતું કે ગાય ચોરવાના આરોપમાં પ્રવીણ શ્રી વાસ્તવની ફરિયાદ પર ચોરીના બંન્ને આરોપીઓની ધરપકડ કરાઇ હતી.

જો કે તેમના છુટકારા બાદ હિન્દુ યુવા વાહિનીના કાર્યકર્તાઓએ તેમનું માથુ મુંડી નાંખ્યુ હતું. એ પછી તેમના ગળામાં ટાયર લટકાવીને તેમને એ વિસ્તારમાં ફેરવવામાં આવ્યા હતા. એટલું જ નહી પણ હમ ગાય ચોર હે લખીને પ્લેકાર્ડ તેમના ગળામાં લટકાવી દેવામાં આવ્યા હતા.ઉમા રામ નામના કાર્યકર્તાની ફરિયાદ પર પોલીસે ૧૬ અજાણ્યા લોકો સામે કેસ નોધ્યો હતો.આ લોકો સામે દલિત સતાવણી એક્ટ હેઠળ તપાસ થઇ રહી છે.અને રિપોર્ટ સોપાશે.

ઉલ્લેખનીય છે કે ગૌવંશ હત્યાનો કાયદો આવતાંની સાથે જ સમગ્ર દેશમાં અત્યાર સુધીમાં ગાયની સુરક્ષાના નામે મુસ્લીમો અને દલિતો પર અત્યાચારની ઘટનાઓ બની છે. અને અત્યાર સુધીમાં ૪૭થી વધુ દલિત અને મુસ્લીમોને રહેશી નાંખવામાં આવ્યા છે.

નેધરલેન્ડમાં ચલણી નોટો પર અંધજનો પારખી શકે માટે બ્રેઇલ લીપીમાં રકમ લખેલી હોય છે.ઇઝરાયેલ અને સ્વીઝરલેન્ડમાં પણ આ પ્રકારની ચલણી નોટો ચલણમાં છે.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૯૯

૯૮૨૪૩૬૨૪૬૨

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.